પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૫૪ | ૮ માર્ચ, ૨૦૨૩, બુધવાર; ફાગણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦


બાંકે બિહારી મંદિર-વૃંદાવન


લઠમાર હોલી - બનારસ


બનારસ


પરંપરાગત હોલી - મથુરા

હોળી ઉત્સવ - દેશભરમાં હોળીનો ઉત્સવ વિવિધ પ્રાંતોમાં પરંપરાગત રીતે ઉત્સાહભેર ઉજવવામાં આવ્યો હતો. દેશના વિવિધ પ્રાંતોમાં અલગ-અલગ રીતે હોળી-ધૂળેટીનો ઉત્સવ ઉજવવામાં આવે છે... બનારસમાં પારંપારિક અબીલ-ગુલાલ અને વિવિધ રંગો છાંટીને રંગોત્સવ મનાવવામાં આવે છે. જ્યારે બાંકે બિહારી મંદિર, વૃંદાવન ખાતે પણ ભારે ઉત્સાહપૂર્વક હોળી-ધૂળેટીના પર્વને વધાવવા અને માણવા માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું... આ ઉપરાંત ધુળેટી પર્વે લઠમાર હોલીની પરંપરા પણ આપણા દેશમાં છે... જેમાં સ્ત્રી અને પુરુષો સાથે મળી લઠમારી હોળીની ઉજવણીમાં જોડાય છે... સાથે સાથે મથુરામાં પણ હોળી-ધુળેટીના પર્વમાં ઉત્સાહપૂર્વક ભાવિકો-શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને રંગોની છોળોની સાથે સાથે રંગીન પાણી છાલકોથી ભાવિકો અને શ્રદ્ધાળુઓને ભિંજવ્યા હતા... પ્રેમ, ભાઈચારા અને સદભાવનાના પર્વને દેશવાસીઓએ ભારે ઉમંગથી ઉજવ્યો હતો...

## હોળીના તહેવાર પર રેલવેએ ૧૯૬ સ્પેશિયલ ટ્રેન દોડાવી

**તંત્ર દ્વારા રેલવે પ્રોટેક્શન ફોર્સ તૈનાત કરવામાં આવશે જેથી લોકો વ્યવસ્થિત રીતે અનરિઝર્વ્ડ કોચમાં બેસી શકેઅને કોઈ અસુવિધા ન થાય**

નવી દિલ્હી, તા.૭

હોળીના તહેવાર પર ભીડને ધ્યાનમાં રાખીને રેલવે દ્વારા ૧૯૬ સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી છે. આ ટ્રેનોને દેશભરમાં અલગ-અલગ રૂટ પર દોડાવવામાં આવશે. આનાથી હોળીના અવસર પર પોતાના ઘરે જતા મુસાફરોને ઘણી સુવિધા મળશે.

રેલ્વે મંત્રાલયના જણાવ્યા અનુસાર, દિલ્હી-પટના, દિલ્હી-ભાગલપુર, દિલ્હી-મુઝફ્ફરપુર, દિલ્હી-સહરસા, ગોરખપુર-મુંબઈ, કોલકાતા-પુરી, ગુવાહાટી-રાંચી, નવી દિલ્હી- શ્રી માતા વૈષ્ણો દેવી કટરા, જયપુર- બાંદ્રા ટર્મિનસ, અને પુણે- દાનાપુર જેવા રેલ માર્ગો પર દેશભરના મુખ્ય શહેરોને જોડવા માટે વિશેષ ટ્રેનોની યોજના બનાવવામાં આવી છે.

રેલવે દ્વારા જણાવવામાં આવ્યું હતું કે હોળીના અવસર પર ભીડને નિયંત્રિત કરવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ)

● અનુસંધાન પાન-૭ પર

## ભારતમાં ફરી એકવાર કોરોનાએ માથું ઉચક્યું

**સપ્તાહમાં દેશમાં કોરોનાના ૧૮૯૮ કેસે તંત્રની ચિંતા વધારી**

નવી દિલ્હી, તા.૭

ભારતમાં ફરી એકવાર કોરોનાએ માથું ઉચક્યું છે. છેલ્લા ત્રણ સપ્તાહમાં કોવિડ સંક્રમણના કેસ સતત વધી રહ્યા છે. ગયા અઠવાડિયે, દેશભરમાં ૧૮૯૮ નવા કોરોના કેસ નોંધાયા હતા. જો કે, હવે કેસોની કુલ સંખ્યા ઘણી ઓછી છે, પરંતુ કોરોનાના કેસોમાં વધારાના આંકડા ચોક્કસપણે ચેતવણીજનક છે.

ગયા રવિવારે પૂરા થયેલા સપ્તાહમાં કોરોના કેસમાં ૬૩ ટકાનો વધારો નોંધ્યો હતો. જ્યારે તે પહેલાના સપ્તાહમાં ૩૯ ટકા અને એ પહેલા ૧૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો. મોટાભાગના નવા કેસ દક્ષિણ ભારત અને મહારાષ્ટ્રમાં જોવા મળી રહ્યા છે.

આ વધારો એવા સમયે જોવા મળી રહ્યો છે જ્યારે દેશમાં તાજેતરના સમયમાં ફ્લૂના કેસો પણ ઝડપથી વધી રહ્યા છે.

## જીએસટીને લીધે ભારતમાં ટેક્સ ખૂબજ ઓછો થયો છે : મોદી

**વડાપ્રધાને વેબિનારને સંબોધન કર્યું : રૂપેઅને યુપીઆઈએ ફક્ત ટેકનોલોજી જ નથી, તેણે વિશ્વમાં આપણી ઓળખ ઉભી કરી હોવાનો વડાપ્રધાનનો દાવો**

નવી દિલ્હી, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બજેટ પછી યોજાનાર વેબિનારને સંબોધિત કર્યું હતું અને નાણાકીય ક્ષેત્રે ભારતની પ્રગતિ વિશે મોટી વાતો કરી હતી. નાણાકીય સમાવેશથી લઈને દેશના બેકિંગ ક્ષેત્ર અને આત્મનિર્ભર ભારતની વાત કરવામાં આવી હતી. જીએસટીને કારણે, ભારતમાં ટેક્સ ઘણો ઓછો થયો છે, જેનો સીધો જ લાભ નાગરિકોને મળ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે ભારતને વૈશ્વિક અર્થવ્યવસ્થાનો ચમકતો તારો કહેવામાં આવી રહ્યો છે અને દેશ જી-૨૦ના પ્રમુખપદની જવાબદારી પણ નિભાવી રહ્યો છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ભારતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ એફડીઆઈપ્રાપ્ત થયું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિજિટલ અર્થવ્યવસ્થા વિશે વાત કરતા કહ્યું હતું કે, રૂપેઅને યુપીઆઈએ ફક્ત ટેકનોલોજી જ નથી, તેણે વિશ્વમાં આપણી ઓળખ ઉભી કરી છે. ભારત આર્થિક અનુશાસન, પારદર્શિતા

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર સમાચાર

**અંક બંધ**

ધૂળેટીના પર્વ નિમિત્તે તા. ૮/૩/૨૦૨૩ને બુધવારના રોજ ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી તા. ૯/૩/૨૦૨૩ને ગુરૂવારના રોજ અંક પ્રસિદ્ધ થશે નહિ જેની વાચક, વિતરક અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવા વિનંતી છે.

- વ્યવસ્થાપક

## ઢાકામાં ભયાનક વિસ્ફોટ

**બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં વિસ્ફોટ : ૧૪ના મોત, ૧૦૦થી વધુ ઘાયલ : બ્લાસ્ટ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર થયો હતો, બ્લાસ્ટનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે હવે મૃતકોની સંખ્યા વધી શકે છે**

બાંગ્લાદેશ, તા.૭

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં મંગળવારે સાંજે થયેલા વિસ્ફોટ થયો હતો. જેમાં ઓછામાં ઓછા ૧૪ લોકોના મોત થયા છે અને ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ બ્લાસ્ટ ઢાકાના ગુલિસ્તાન વિસ્તારમાં એક બહુમાળી ઈમારતમાં થયો હતો. આ વિસ્ફોટના કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છે. ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.

જે બિલ્ડિંગમાં બ્લાસ્ટ થયો તે ૭ માળની છે. બ્લાસ્ટ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર થયો હતો. બ્લાસ્ટનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. અનુમાન



લગાવવામાં આવી રહ્યું છે કે હવે મૃતકોની સંખ્યા વધી શકે છે. જ્યારે ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર વિસ્ફોટ મંગળવારે સાંજે ૪:૫૦ કલાકે થયો હતો. બ્લાસ્ટ બાદ ફાયરની પાંચ ગાડીઓને કામે લગાડવામાં આવી છે.

પોલીસના જણાવ્યા અનુસાર ઘાયલોને ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે, ઈમારતમાં વિસ્ફોટના કારણે રોડ કિનારે ઉભી રહેલી બસને પણ નુકસાન થયું છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિસ્ફોટથી રોડની સામેની બાજુએ પાર્ક કરેલી બસને પણ નુકસાન થયું છે.

મળતી માહિતી મુજબ ઘટનાસ્થળે બચાવ અને સુરક્ષા કામગીરી ચાલી રહી છે. એક અધિકારીએ જણાવ્યું કે વિસ્ફોટ મંગળવારે ઢાકાના ભીડવાળા

● અનુસંધાન પાન-૭ પર

## જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થતાં એકનું મોત

**છ ઘાયલ : એક ટેકરી પરથી અચાનક પથ્થરો પડવા લાગ્યા : ભૂસ્ખલનને કારણે હાઇવે બંધ કરી દેવામાં આવ્યો, રોડની બંને બાજુ સેંકડો વાહનો અટવાયા**



શ્રીનગર, તા.૭

રામબન જિલ્લામાં જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થયું હતું. આ ભૂસ્ખલનને કારણે એક વ્યક્તિનું મોત થયું છે જ્યારે છ લોકો ઘાયલ થયાના સમાચાર છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ભૂસ્ખલનને કારણે હાઈવે બંધ કરી દેવામાં આવ્યો છે. રોડની બંને બાજુ સેંકડો વાહનો અટવાયા છે. પહાડી પરથી પથ્થરો અને ખડકો હજુ પણ રોડ પર પડી રહ્યા છે.આ ઘટનાની મળતી માહિતી મુજબ રામબનના સેરી વિસ્તારમાં જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર એક ટેકરી પરથી અચાનક પથ્થરો પડવા લાગ્યા હતા. કેટલાક લોકોને આની અસર થઈ હતી. માહિતી મળતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ઘાયલોને તાત્કાલિક જિલ્લા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. આ ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે. ડીએસપી હેડક્વાર્ટર રામબન પ્રદીપ સિંહ સેને જણાવ્યું કે ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે.

## આલિયા ભટ્ટ ૨૦૨૩ની સૌથી પ્રભાવશાળી આંતરરાષ્ટ્રીય મહિલાઓની યાદીમાં સામેલ

મુંબઈ, તા.૭

આલિયા ભટ્ટ બોલીવુડની દિગ્ગજ અભિનેત્રી છે. શ્રેષ્ઠ ફિલ્મોમાં પોતાના અભિનયનો જાદુ બતાવનારી આ અભિનેત્રીનું ફેન ફોલોઈંગ સમગ્ર દુનિયામાં છે. બોલીવુડમાં પોતાના દમદાર અભિનય બતાવ્યા બાદ આલિયા હોલીવુડની દુનિયામાં એન્ટ્રી કરવા જઈ રહી છે. આલિયા ભટ્ટ વર્ષ-૨૩ની વેરાયટીની સૌથી પ્રભાવશાળી આંતરરાષ્ટ્રીય મહિલાઓની યાદીમાં સામેલ થઈ ગઈ છે.

## ભારત-ઓસ્ટ્રિલિયા ત્રીજી ટેસ્ટની પિચને લઈને વિવાદ

નવી દિલ્હી, તા.૭

બોર્ડર ગવાસ્કર ટ્રોફીમાં પિચને લઈને વિવાદ સર્જાયો છે. આ દરમિયાન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઈન્દોર પિચને લઈને આઈસીસીના રેટિંગને ચેલેન્જ કરી શકે છે. મેચ રેફરી ક્રિસ બ્રોડે હોલ્કર સ્ટેડિયમને ખરાબ રેટ આપ્યું છે. જેના કારણે વેન્યૂને ત્રણ ડીમેરિટ પોઈન્ટ મળ્યા હતા. મહત્વનું છે કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે રાવલપિંડીની પિચને લઈને રેટિંગ વિરુદ્ધ અપીલ કરી હતી અને તેની તરફદારીમાં નિર્ણય આવ્યો હતો.

## પશ્ચિમ બંગાળના એક તળાવમાંથી નીકળ્યા કરોડોના સોનાના બિસ્કીટ

**બીએસએફની ટીમે પાર પાડ્યું ઓપરેશન : બીએસએફની એક ટીમે વિશેષ સૂચનાના આધાર પર સોનું હોવાની શોધ થતાં સર્ચ ઓપરેશન ચલાવ્યું હતું**





કોલકાત્તા, તા.૭

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં બીએસએફે કલ્યાણી સરહદ ચોકી વિસ્તારના તળાવમાંથી લગભગ ૨.૫૭ કરોડ રૂપિયાના સોનાના બિસ્કિટ મળી આવ્યા છે. અધિકારીઓએ એવી પણ જાણકારી આપી છે. અધિકારીએ જણાવ્યું કે, બીએસએફની એક ટીમે વિશેષ સૂચનાના આધાર પર સોનું હોવાની શોધ થતાં સર્ચ ઓપરેશન ચલાવ્યું છે. બીએસએફે એક નિવેદનમાં કહ્યું કે, તળાવમાં સોનાના ૪૦ બિસ્કીટ મળી આવ્યા, જપ્ત સોનાની બજાર કિંમત ૨.૫૭ કરોડ રૂપિયા છે. નિવેદનમાં કહેવાયું છે કે, અમુક મહિના પહેલા પીછો કરતા એક તસ્કરે તળાવમાં છલાંગ લગાવી દીધી અને સોનું છુપાવી દીધું હતું.

બીએસએફના એક નિવેદનમાં કહેવાયું છે કે,જ્યારે અમે તેનો પકડ્યો તો, તેના કબ્જામાં કંઈ નહોતું મળ્યું. એટલા માટે અમે તેનો છોડી મુક્યો. તેણે સોનુ તળાવમાં છુપાવી દીધું હતુ અને તેને પાછા મેળવવાના મોકો શોધી રહી હતી. નિવેદનમાં કહેવાયું છે કે, બીએસએફ સાઉથ બંગાળ ફ્રંટિયરે ૨૦૨૨માં ૧૧૩ કિલોથી વધારે સોનું જપ્ત કર્યું છે.

## અફઘાનિસ્તાનની વિદ્યાર્થિની VNSGUમાં જીતી ગોલ્ડ મેડલ

સુરત, તા.૭

અફઘાનિસ્તાનની યુવતી રઝિયા મુરાદીએ VNSGUમાંથી એમએમાં (પબ્લિક એડમિનિસ્ટ્રેશન) ગોલ્ડ મેડલ મેળવીને તાબિલાનને આકરો જવાબ આપ્યો છે. મુરાદીએ સરેરાશ ૮.૬ ગ્રેડ પોઈન્ટ મેળવ્યા હતા, જે તેના વિષયમાં હાઈએસ્ટ સ્કોર હતો અને સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સોમવારે યોજાયેલા કોન્વોકેશનમાં સૌથી પહેલા નંબર પર હતી, જ્યાં તે છેલ્લા ત્રણ વર્ષથી અભ્યાસ કરી રહી છે. તેણે ૨૦૨૨માં એમએ પૂરું કર્યું હતું અને હાલ તે પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં પીએચડી કરી રહી છે. તેને ગોલ્ડ મેડલ સિવાય શારદા અંબેલાલ દેસાઈ એવોર્ડ પણ મળ્યો હતો. જ્યારે રઝિયા મુરાદીને ગોલ્ડ મેડલ મળ્યો ત્યારે તે ખુશ હતી અને દુઃખી પણ. કારણ કે ૨૦૨૦માં ભારત આવ્યા બાદ તે ઘરે ગઈ નથી.

**કેન્સરના રોગોની નિયમિત ઓ.પી.ડી. 09 માર્ચ, ગુરૂવારે ગાંધીનગર ખાતે**

zydus Hospitals Cancer Centre

**ડૉ. નહુષ ટહિલિયાણી**

MD, DM (મેડિકલ ઓન્કોલૉજી અને હિમેટોલૉજી)

તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક "ઈમ્યુનોથેરાપી"ના નિષ્ણાંત

**ઉપલબ્ધ સારવાર**

● મોંઢા અને ગળાના કેન્સર ● ફેફસાનાં કેન્સર ● સ્તન કેન્સર ● મગજમાં ગાંઠ ● આંતરડા તથા મળમાર્ગના કેન્સર ● લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર ● લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) ● ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર ● ચામડી, હાડકાના કેન્સર, સારકોમા

સાંજે 6.00 થી 8.00 કલાકે

માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421

*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.

*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.